Barcode - 99999990811555
Title - Aarya Samaji- Pandito Nun Pokal Isamily Chabuk
Subject -
Author -
Language - gujarati
Pages - 36
Publication Year - 0
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13
9 999999 081155

# गूजरात विद्यापीठ ग्रंथालय

[ गुजराती कॉपीराईट विभाग ]

अनुक्रमांक ૮૫૦૮ वर्गांक

पुस्तकनुं नाम આર્યસમાજ પંડિતોનું પાખંડ
કરામતની ચાબુક

विषय ૫૭૨૬:૬

# આર્યસમાજી પંડીતાનું પોકળ.

## [તા. ૪થી જુલાઇ ૧૯૧૫નાં ભાષણનો જવાબ.]

### આર્યપ્રકાશ-અઠવાડીક પેપર.

"આર્યપ્રકાશ" તા૦ ૪ થી જુલાઇ ૧૯૧૫ નાં અંકમાં પાને ૧૭ મે પંડિત રામચંદ્રનું સુરતમાં બીજું વ્યાખ્યાન "આગાખાન મત" એ હેડીંગ નીચે કેટલીક વિગત છપાયેલી છે. અમો તેના સહુરાઘાતપણા માટે સભ્યતાથી જણાવવાની ફરજ સમજીયે છીયે, કે જેથી તે હકીકત વાંચનારાઓને તેનું પોકળપણું જણાઇ આવશે. અમો જે હકીકતમાં સત્ય સમાયલું ન હોય, અથવા હમેશાં જેને અજાણી વાતોનો દંભ કરી પોતાના મંડળની

સેવા બજાવેલી દેખાડવાનો ધંધો હોય, તેને જવાબ આપી મહત્તા આપવાનું દુરૂસ્ત ધારતા નથી. છતાં સહરહુ બાબતમાં તદન અજાણ્યાઓ સમક્ષ જાણનારાઓની ગેર-હાજરીમાં સત્યનો ડોળ ઘાલવા સરખું જે પણ લખ્યું છે; અને દોરવાઇ જનારા સાદા મિઝાજનાઓના વખતનો જે ગેરઉપયોગ થયેલો અમો માનીયે છીયે, તેને ભવિષ્યમાં તેવા બોલનારા ઉપર કેવો વિશ્વાસ મુકવો ? તે બતાવવા માટે પણ અમોયે આ તક હાથમાં ધરી છે.

પંડિતજીએ વ્યાખ્યાન શરૂ કરતાં જણાવ્યું કે-"આગા-ખાનનાં મતને મુસલમાની ધર્મ સાથે કાંઇપણ લાગતું વળગતું નથી" આ વાકય ઉચારવાની મતલબ ગયે વરસે પંડિત રાધાકૃષ્ણે મુંબઇમાં ઓચરેલા શબ્દો સાથે ગળતા-પણું ધરાવે છે. અને આથી આર્યસમાજીયોનો એવો સંકેત માલુમ પડે છે કે-આગાખાની મતમાં ભળી જનાર હિંદુઓને ભડકાવવા માટે આ રીતના વિચારો ફેલાવવા. પરંતુ અમો આવા ખોટા મંગળાચરણ માટે યાદ આપી શું કે-આગાખાની મત સાથે મુસલમાની ધર્મને કેટલું લાગતું વળગતું છે; તેનો જવાબ જે રાધાકૃષ્ણને "અંજુમને

જીયાઊલ ઇસ્લામ" નાં મેમ્બરોએ આપ્યો હતો* તે હાલ તરત બસ સમજીશું. તે જવાબ એ હતો કે, મુસલમાની ધર્મમાંનો એક ફીરકો "આગાખાનીમત" છે. અને અમો એ જવાબની કદર કરીને આગળ વધીશું અને કહીશું કે મુસલમાની ધર્મમાં મુખ્ય ચાર દરજ્જા છે.

(૧) શરીયત. (૨) તરીકત. (૩) હકીકત. (૪) મા અરેફત. તેમાં ત્રીજા દરજ્જાનાં હકીકતી મુસલમાન તરીકે આગાખાની મત છે. એમ સ્પષ્ટ કરીશું. અને ત્યારે આગાખાની મતના (દંભી) ફાવા પંડિતજીનાં ઓચરેલા વાક્ય "મુસલમાની ધર્મથી આગાખાની મત જુદો છે." એની કીંમત કેટલી રહેશે ? તેનો વાંચક વર્ગ તોલ કરશે.

વળી પંડિતજી ટેકામાં વધુ એમ જણાવે છે કે- "મુસલમાની ધર્મ શુદ્ધ એકેશ્વર વાદ માનનારો છે." જો આ માન્યતા પંડિતજી ખરેખરી ધારતા હોય તો, પછી તેમણે આર્યસમાજીયોનાં (દંભીક) પંડિતજીના ઓઠાં તળે

---

* આ બાબતમાં તે પ્રસંગે અંજુમન તરફથી છપાએલ ચેલેંજ પત્ર પાછળ આપ્યું છે.

રહેવાનું પસંદ કરવા કરતાં મુસલમાની ધર્મ અખ્તીયાર કરવા વિલંબ કરવો જોઇતો નથી. પણ જો મુસલમાની ધર્મની તે બાબત માત્ર તકલીદી અથવા સાંભળનારાઓ સમક્ષ લાગણી તરીકે રજુ કરી હોય, તો તેના, આખા વ્યાખ્યાન ઉપર તકલીદીપણાનીજ છાપ પાડતા જણાય છે. અને એ આર્યસમાજી પંડિતજી જો મુસલમાની ધર્મની શુદ્ધ એકેશ્વર વાદની માન્યતા ખરેખરી માનતા હોય, તો "સત્યાર્થ–પ્રકાશ" માંની દયાનંદની વિરૂદ્ધતા અને પંજાબના ભાગોમાં જાહેર ઝઘડાઓ મુસલમાનો સામે શું કામ કરતે? પણ અમો તેમના શબ્દોનું પોકળપણું જાણતા હોવાથી તેમના મુસલમાની ધર્મ વિશેના સારા વિચારો માટે વિશ્વાસ કરી શકતા નથી; છતાં એટલું લાગે છે કે, કદાચ આર્યસમાજીઓએ મુસલમાન ધર્મના વિદ્વાનો તરફથી ખાધેલી હાર અને ભોગવેલી કેદથી રખે બ્હી ગયા હોય !!! અને હવેથી મુસલમાન ધર્મ વિશે ખરી હકીકત ઓચરવાનો સંકેત લીધો હોય તો નવાઇ નથી.–

પંડિતજી આટલેથી આગળ વધી પોતાનું આગાખાની મતનું નોલેજ રજુ કરતા કહે છે કે–" શિયા ઇમામી

ઇસ્માઇલી મતમાં મુસલમાની ધર્મ વિરૂદ્ધ ઘણી બાબતો ભેળસેળ કરવામાં આવી છે. અને નહીં હીંદુ કે નહીં મુસલમાન એવો એક ખીચડા-પંથ તેને બનાવવામાં આવ્યો છે "=અમો આ વાકયનો જવાબ આપીએ તે પહેલાં કહીશું કે ન્યાયી બ્રિટીશ સરકારનાં અદલ રાજ્યમાં બીજા ધર્મને માટે વધુ નહીં જાણવા છતાં પોતાનીજ ઓખાદ દરશાવનારા વિશેષણો વાપરવા હીમત કરવી, તે દયાનંદીની ધૃષ્ટતાજ દેખાડે છે.–છતાં અમો કહીશું, કે મૂર્તિપૂજાની વીરૂદ્ધતાથી જેને હિન્દુઓ તિરસ્કાર દ્રષ્ટિથી જોતા હોય; અને ભ્રષ્ટ માનતા હોય અને મૂર્તિપૂજા તજવા છતાં મુસલમાની ધર્મ સ્વિકારવા જેને પાવકતા દેખાડતા હોય; તેવા આર્યસમાજીઓ કઇ રીતે આર્યમતની તરફેણ કરે છો? તે અમોસમજી શકતા નથી. એટલે આર્ય સમાજીયો હિન્દુસ્તાનના હિન્દુ અને મુસલમાન કે બીજી કોઇ કોમ સાથે નહીં મળી શકવાથી ભ્રષ્ટ થયેલા હિન્દુ તરીકે ધોબીનો કુતરો નહી ઘરનો કે નહીં ઘાટનો માફક જીન્દગી પસાર કરે છે અને હીન્દુ તથા મુસલમાનો (બેઉના)તરફથી તિરસ્કાર પામે છો અને તેથીજ આગાખાની મતને ખીચડે

સમજી વડચકાં ભરવાની તજવીઝ કરતા જણાય છે, પરંતુ 'અંજુમને જીયાઉલ ઇસ્લામ'નાં મેમ્બરોએ આર્યસમાજીયોને આગાખાની મત મુસલમાની ધર્મના ફીરકા માંહેનો બતાવી જે જવાબ રૂપી પ્રહાર કરયો છે. તે અને આર્યસમાજીયો તરફથી થયેલી કોશેશ છતાં તેવીજ જ્ઞાતિનાં (અરે! નહીં? તેની કરતાં ઉંચા દરજ્જાનાં હીન્દુઓ) કે જેવાકે ઝવેરીઓ, વકીલો, ડાકટરો, તથા ગ્રેજ્યુએટો, અને ઉચ્ચવર્ણનાં બ્રાહ્મણો વિગેરે આગાખાની મતમાં જાહેર રીતે ભેળાયા છે; તેઓએ આર્ય સમાજીયોના મિથ્યા વાદની તથા ઠાઠઠુઠ્ઠીની દરકાર કરી નહીં તે પછી પંડિતજી કદાચજ એમ કહેવા નીકળશે કે આગાખાની મત ખીચડો છે.- પરંતુ અમો તેનો જવાબ એટલોજ કહીશું કે.

यदा यदामुच्यंत वाक्य बाणं;

तदा तदा जाति कुल प्रमाणे.

**ભાવાર્થ**—જયારે કોઇ માણસ જે જે રીતનો ઉચ્ચાર કરે છે; ત્યારે ત્યારે તે પોતાના જાતિ અને કુળની ઓખાદ પ્રમાણેજ બોલે છે.

પંડિતજી પોતાનાં મજકુર વ્યાખ્યાનમાં એમ જણાવે છે, કે વૈદિક અથવા હિન્દુ ધર્મ જેને પાશ્ચાત્ય વિદ્વાનો પણ એક અવાજે વખાણે છે; અને જેના અચળ સિદ્ધાંતો સામે તકરાર લેવાને બીજો કોઇ ધર્મ શકિતવાન થઇ શકતો નથી." અમો આ બાબતનો જવાબ પંડિતજી માફક હિન્દુધર્મના વિરોધી તરીકે દઇશું નહી. પણ અમો પંડિતજી અને તેના ધર્મને પાશ્ચાત વિદ્વાનોએ એકે અવાજે વખાણ્યો છે, તેથી સારો છે જો એમ કહેવામાં આવે, તો એ એકે અવાજે વખાણનારા પાશ્ચાત વિદ્વાનો માંનો કોઇપણ શું હિન્દુધર્મમાં દાખલ થયો છે? અથવા તમો આર્યસમાજીઓએ કોઇ પાશ્ચાત વિદ્વાનોને દાખલ કીધા છે? અને તેને હિન્દુધર્મ પાળનારાઓએ સ્વિકાર્યો છે? જો આ બધાનો જવાબ કાંઇ ન હોય તો આર્યસમાજીઓ એ પરધર્મ વાળાઓના અભિપ્રાયથી પોતાના ધર્મની મહત્તા માની લીધી તેના કરતાં, જે ધર્મમાં તમારા ધર્મબંધુઓ તમારી ગમે તેટલી માથાફોડની મહેનત છતાં દાખલ થતા જાય છે; અને પોતાના હિન્દુનામો રાખવાની પણ છીટ ધરાવે છે. તે આગાખાની ધર્મની મહત્તા માટે શા માટે વિચારતા નથી? અરે શું ગીતા ના વાકયનું સ્મરણ નથી?!

श्लोक—यद्यद्विभुति मत्सत्वं श्रीतदूर्जिति मेव वा;
तत् देवावेगच्छत्वं मम् तेजोशं संभवम्;

**ભાવાર્થ**—જે જે સત્વ વિભુતિવાળું; સૌંદર્યવાળું; અથવા ઉત્કર્ષવાળું; તે તે સર્વ મારા તેજના અંશથી ઉત્પન્ન થયલું તું જાણ. [ અ. ૧૦ શ્લો. ૪૧ ]

અથવા જ્યાં સર્વત્ર સ-તા હોય છે. ત્યાં હું છું એવા શ્રીકૃષ્ણના શબ્દો ઉપર વિચાર કરો તો તમો હિન્દુ-ઓના હાથમાં અત્યારે એવી કઇ સ્થીતિ છે કે, જ્યાં કૃષ્ણના કહેવા મુજબ વર્ત્તન હોય, હવે તો તમારે જ્યાં સર્વત્ર સત્તા પ્રવર્તે છે, તેનેજ માટે દિર્ઘ દ્રષ્ટિ કરવી જરૂરની છે. હિન્દમાંની સર્વત્ર સત્તા જયારથી ચક્રવૃત્તિ શાહેનશાહ પાંચમાં જ્યૉર્જ પાસે છે; તેનાજ રામ રાજ્યમાં ધર્મનો નામે તમો આર્યસમાજીયો જે કોળાહળ કરી અશાંતિના બીજવાવો છો; તે એજ શ્રીકૃષ્ણ મુરલીધરનો શ્રાપ તમારા ઉપર પ્રત્યક્ષ થાય છે. !

હિન્દુઓ ઇસ્માઇલી કેમ થયા ? તેના સંબંધમાં ત્રણ ચાર કલ્પીત અનુમાનો કરી ઉકત પંડિતજી આખરે

ધર્મનુંજ કારણ હોવું જોઇયે એમ કહે છે. કે, "હિન્દુ ધર્મ ઉપર અચળ શ્રદ્ધા હોત, તો તેઓને બીજી કોઇ લાલચ તેમને આટલી હદ સુધી પતિત કરવા સમર્થ થાત નહીં." અહાહા! પંડિતજીના આ શબ્દોમાં કુદરતી ગર્ભિત સાચ સમાયલું જોવામાં આવે છે.! "વિરોધીના મુખમાંથી ખૈરના શબ્દો" નીકળી ગયા છે.! જો આર્ય પ્રકાશના રિપોર્ટ રજીએ આ શબ્દો પંડિતજીનાજ મુકયા હોય તો પંડિતજી (અને નહી કે. રિપોર્ટરજી) એમ ચોખ્ખી રીતે સ્વિકારતા લાગે છે, કે હિન્દુઓ ઇસ્માઇલી થયા, તેનું મુખ્ય કારણ ધર્મનુંજ હોવું જોઇયે. અને તે તદન ખરૂં છે. કારણ કે હિન્દુધર્મ ઉપરની એ આગાખાની હિન્દુઓની આસ્થા હિન્દુધર્મ ઉપર જે મોઢું ઢાંકીને પડી હતી તે પણ હવે ખુલ્લી થઇ છે એ સિધ છે. ત્યારે હિન્દુધર્મમાં મૂર્ત્તિપુજા માનનારાઓનો મોટો ભાગ હજી પણ કેટલેઃ પ્રબળ છે. તે આર્ય પ્રકાશ, સમાજ, અને તેમની ગણત્રીનાજ સભાસદો ઉપરથી. અને આર્ય સમાજીયો કે જેઓ મૂર્ત્તિપુજા માનતા નથી તેને "દયાનંદ તુંડ દંડિકા" અને એવા અનેક ગ્રંથો ઉપરથી જોવાને બની આવેછે,

તે ઉપરાંત "આર્ય પ્રકાશ" જેવા એક સાધારણ અને ઘર ખુણીયા એઠવાડીકના હાલ હવાલ જોતાજ આય સમાજીયોની સ્થીતિ ખુલ્લી થાયછે. અને તેમને છડે ચોક લોખંડી જવાબ તેમનાજ હિન્દુ તરફથી જે અદ્યાપિ પરિયંત ચાલુ છે. તે જોતાં હિન્દુ ધર્મના બચાવનો વાવટો ઉઠાવનારા આર્યસમાજીયોના કેવા વાવટા ઉડે છે? તે સમજવા છતાં "પગમાં લાહે બળેને ડુંગરે દિવા કરે" વાળી કહેવતને અનુસરવા પંડિતજી રૂષિ મુની જેવા પૂર્વ જોને તજી દેવા માટે ઠપકો આપે, તે બાપના કુવામાં બુડી મરવા જેવું ગણાય! પોતાનીજ સ્થીતિથી અજ્ઞાત પંડિતજી! પછી ભલે કુરાનના અભ્યાસી હોય કે વેદાંતના જ્ઞાતા હોય કે આર્ય સમાજીના સાહુતી બચાવ કરનાર હોય! પણ તેઓ ઇસ્માઇલી ધર્મ બાબતનો ઇતિહાસ કહેવા દંભ કરે! તેને કેટલું વજન આપવું, તે વાંચનારની મુનસફી ઉપર છે તો પણ અમો પંડિતજીના વ્યાખ્યાનના એ ઇતિહાસીક ભાગ માટે પણ થોડીક બાબતો કે જેમાં તેમનું અજ્ઞાતપણું સાબેત થાયછે, તે કહેવા વગર રહીશું નહીં.

પંડિતજી ઇસ્માઇલી ઇતિહાસ શરૂ કરવા પછી જણાવે છે કે " સુન્નીઓ ખુદા અને પેગંબરનેજ માનેછે" પંડિતજીનું આપાંહિલ સુન્ની મુસલમાન ભાઇઓને ખરાબ લગાડનારૂં અને સત્ય માનિનતા માટે ખરાબ અસર ઉત્પન્ન કરનાર હોવાથી લાગણી ઉશ્કેરનારૂં છે. આવી જાતના અધ દગ્ધ પણાથી મુસલમાનોની બહોળી વસ્તી વાળા ભાગમાં જે ખળભળાટ ઉભો કરી એથી વધું વખત મારામારી બાબત આર્યસમાજીયોના પંડિત રામચંદ્ર જેવા અને આર્યપ્રકાશ જેવા બેખબર પત્રકારો એ જે સઝા ખમીછે. તે જો યાદ હોત તો સુરત જેવા શહેરમાં કે જ્યાં મુસલમાનોની વસ્તી પુરતી નથી, ત્યાં પણ ઓચરવું ભારી પડી જાત.

સુન્ની મુસલમાનો ખુદા, પેગંમ્બર, અને અલીને પણ માનનારા છે. કે જેવી માન્યતા હરેક ઇસ્લામીઓએ ધરાવીજ જોઇએ, એમ કુરાનના અભ્યાસી પંડિતજી બીચારાને થોડીજ ખબર હોય એમ લાગે છે. આગલ વધતાં એજ તારીખના ભાષણમાં તેથી પણ વધુ ભયંકર ભુલ કરી છે કે; " આ પ્રમાણે ખુદા અને તેના

પેગમ્બર ઉપરાંત બીજાઓને પુજ્ય માનવા તે સુન્નીઓને અધર્મ કરવા જેવું લાગે છે? પંડિતજીની આધૃષ્ટતા એમ નાજ શબ્દો વીરૂધ્ધ થઈ છે; કારણ કે ઇતીહાસની શરૂઆત કરતા "ખુદા અને પેગમ્બર પછી તેમના ગાદીના ખલીફા તરીકે હજરતના બેગમ આઈસાના પીતા અબુબકરને ખલીફા માનનાર તે સુન્ની મુંસલમાન" એમ જણાવ્યું એ છતાં તેમણે આગલ વધીને એ ઇતેકાદ રાખનાર સુન્ની મુસલમાન ભાઇઓને અધર્મ કરવા જેવા જણાવેછે, આવો ભાંગરો વાટવો, તે હિંદુ ધર્મ માનનારાઓને પોતાનો ધર્મ ખોટો સમજાવવાની આદત હોય એમ લાગે છે, પરંતુ મુસલમાન ધર્મ વીશે ઓછી માહિતી ધરાવનારાઓની દશા કેવી થાયછે; તેનો અનુભવ લેવો હોય તો સુરતખાતેનું પાંડિત્ય પંજાબના મુસલમાનોના સમક્ષ ઓચરે તો ખબર પડે.

પંડિતજી આટલાપછી ઇસમાઇલી ઇમામોના વંશ માટે બોલતા "તકીઆ" માટે ભયંકરતા બતાવેછે, અને ૧૦૯૦ ના આલમોતના કીલ્લાની હકીકત ધર્મ ખાતર ખુનરેજી વધારવાના બાબત જણાવે છે, આ પ્રસંગે અમે એક

ધાર્મિક લાગણીથી ટીકા કરશું કે આર્યસમાજીઓ પોતાના જુદા માનેલા હિંદુ ધર્મ માટે જે જે જાતના ઉપાયો લેછે, તે બ્રીટીશ સરકાર જેવા અને સુલેહ સંપના કસોટીના જમાનામાં જે પ્રકારના બેદરકારીથી કોમ કોમનાં જગડા અને વિરોધ ઉભા કરવા માટે બીજા ધર્મ ઉપર ન છાજતા પ્રહાર કરવાની જેતક લેછે તે હસન બીન સબ્બાહના જમાના સાથે સરખાવતાં આર્યસમાજીઓ કેટલા આગળ વધેછે તેનો તોલ કરવા હાલમાં એજ આર્યસમાજીઓના વડા પંડિત મુનશીરામને સરકારે ગયા જુલાઇ માસમાં ફીરોઝપુર જીલાના ગામકોની ખાતે કેદ રાખેલછે તેનો દાખલો બસછે ત્યારપછી પંડિતજી ૧૮૯૭માં મુંબઇમાં હાઇકોર્ટના જડજ સર. આરનોલ્ડના ફેસલાના શબ્દો રજુ કરેછે અને તે ઉપરથી ઈસમાઈલી પંથના બે નક્કી કરેલા નીયમો "તકીઆ" અને "દાઇ" ઉપરથી બહેકાવી નાખનારી ભાષા વાપરેલછે, આ બે નિયમો દરેક ધર્મમાં હોવાજ જોઇએ; પરંતુ હિંદુ ધર્મ અને વળી વેદાંતીઓ તો ખાસ તે બે નિયમો માટે વધુ સંભાલ રાખેછે. તે એકે જેને "તકીઓ" કેવામાં આવેછે; તે વેદાંતના હીસાબે અધિકારી હોય તેનેજ

વેદ શીખાવાય તે છુપામણું તથા વેદાંતનો જે પ્રતિપાદક જેના અર્થ હોઈ થઇ શકેછે તે છે. અને એ બે બાબતો જો ખરાબ હોય, તો તે વેદને મનાવવાની મ્હેનત કરનાર આર્ય સમજીઓને વધુ લાગુ પડેછે, જો કે અધિકારીનેજ વેદ શીખવવાનો તકીઓ તજી દેનાર આર્યસમાજીઓની પ્રત્યે જો હિન્દુઓની તિરસ્કાર ભરી દ્રષ્ટી હોય તો એજ તકીઓ અથવા અધિકારીની ગણતરી નહીં રાખવાથીજ થઇછે. બીજું સન્યાસી જેવા ડ્રેસમાં આર્ય સમાજીઓના ફરતાં પંડિતજી જેવા ભાડુતી સન્યાશીઓ નહીં, પણ રૂષિમુનિઓ જેવા પુર્વજોના જેવાજ ઇસમાઇલી ધર્મનો ઉપદેશ કરનાર હોઈ જેમાં મહાન પીરસદરદીન જેવાનો પણ સમાવેશ થાય છે.

આ પીરસદરદીનના મહાત્મની પીછાન કરીને કાંઇ પણ બોલવા ધારેતો, અમો ખાતરી ધરાવીએ છીએ જે પંડિતજીમાં જો હઠ ધર્મીપણું ન હોય, તો તેઓ પણ સુરતનાં અને મુંબઇના હિન્દુઓની માફક ઇસ્લામના હકીકતી રસ્તાનો ઇસમાઇલી ધર્મ અંગીકાર કરવામાં માન સમજતે.

એ પીર સદરદીને હિન્દુ ધર્મનું સંશોધન કરીને અવતારોના માનીનતાનું તાત્પર્ય અને વેદાંતનાં માનવા

લાયક સિદ્ધાંતો ને ઇસ્લામના હકીકતી અને મારફતના દરજાના સિદ્ધાંતો સાથે એકત્ર કરી સતપંથના નામે જમાનાનો છેલો ધાર્મીક સુધારો અખત્યાર કરવા ફળદાયક ઉપદેશ કીધો, કે જેમ આર્યસમાજીઓએ પણ હાલનાં જમાનામાં પીર સદરદ્દીન પછી ચારસો વરસે હિન્દુધર્મના તાતપર્ય ઉપર ઉપદેશ કરવાનું સુજી આવ્યું, અને અમોને માનવાને મજબુત કારણ મલે છે કે હિન્દુધર્મના અનુંયાઇયોમાં આર્યસમાજીઓ જે જાતની કોશીશો કરે છે, તેના કરતાં ઇસ્લામ કે જેણે આખી દુનીઆમાં પોતાના સત્ય સિદ્ધાંતો સ્વીકારાવ્યા છે. તેનો ઉપદેશ કરનાર પીર સદરદ્દીન જે રીતે ગુજરાત, કાઠીઆવાડ, કચ્છ, અને સીંધની હિન્દુ જાતોને બોધી ખોજા અને મુમના નામની જ્ઞાતો સ્થાપી છે, તે જોતાં ઇસ્માઇલી પંથમાં હમણાં બહાર પડેલા સુરત અને મુંબઇનાં નામીચા હિન્દુ કુટુંબો કાંઇ વધુ નવાઇ ઉત્પન્ન કરતા નથી.

પંડિત રામચંદ્રજી પોતાના ઉકત ભાષણમાં ત્યાર પછી [ વિક્રમ સંવત (૧૬,) માં સૈકામાં ઇસ્લામશાહા નામના ઇસમાઇલી સરદારે પીર સદરદ્દીન નામના દાઇ

ઉપદેશકને મોકળ્યો હતો અને તેમણે હિન્દુ અને શિઆનો ભેલ સેલ પંથ ઉભો કર્યો. હિન્દુઓ વિસ્નુના અવતારને માને છે તેથી વિસ્નુના ૯, અવતાર પોતાના ધર્મની માનિનતામાં છે. ૧૦, મો અવતાર અલીનો છે; એમ તેણે બતાવ્યું.]

ઉપરની બાબત ઇતિહાસીક અને વજુદવાલી હોવાથી અમો આ સ્થાને ચુનોચરા કરતા નથી. પરંતુ દશમો અવતાર અલીનો છે, એ ધાર્મીક આસ્થાની બાબત માટે અમારા તરફથી એક જુદું જ પુસ્તક વિસતારથી લખવા નક્કી થયું હોવાથી ટુંકમાં કહીશુ કે ભગવત ગીતાના અધ્યાય ૪, થા ના શ્લોક ૭, માં છે કે.

શ્લોક—यदा यदाहि धर्मस्य ग्लानिर्भवति मार्हत:
अभ्युत्थानम् धर्मस्य तदात्मनं सृजारयहम्:

અર્થ—શ્રી કૃષ્ણ કહે છે જ્યારે જ્યારે ધર્મનો લોપ થાય છે ત્યારે ત્યારે હું શરીર ધારણ કરૂ છું.

એ વચનો અનુસાર ગીરસહદરદીન કે જે परोपकाया सतांविभुतय: માત્ર પરોપકારાર્થ હોવાથી તે પ્રસંગે હિન્દુઓ કે જેઓ મુર્તિ પુજાને માનનારા તેને તમો આય

સમાજી અથવા દયાનંદની પેઠે નિંદા કરીને નહિં પણ યુકિતસહ જે ઉપદેશ કર્યો છે, તે અદ્યાપી પર્યંત સાચો હોવાથી દિવ્ય ચક્ષુઓને ઉઘાડનાર તરીકે પ્રિય છે; કે જેની ખુબીના માટે નવા થએલા ખોજાઓને બની શકે તો ...ઈને પુછો; અથવા બીજા ખોજા બનનારા તમારાઓને ગલો અને ખાત્રી કરો, તો પછી ' ઇસમાઈલીની ઘટપાટની ક્રિયામાં. હિન્દુ ધર્મના આચારોની ભ્રષ્ટતા ? એ ધર્મનું એક ક્રિયા કર્મ બને છે,' તે શું છે તેનું ભાન થશે. પણ યાદ રાખવું જ્યાં સુધી તમારી અબોલી આંખો ને ગાયત્રીના મંત્રવડે નિરમળ કરશો નહી, ત્યાં સુધી સારૂં સુઝશે નહીં. જેમ કે શ્રીકૃષ્ણે અરજુનને કહ્યું હતું કે—

શ્લોક—નતુમાં શક્યસે દ્રષ્ટુમનેનૈવ સ્વ ચક્ષુષા

દિવ્યં દદામિ તે ચક્ષુ પશ્યમ યોગમેશ્વરમ.

અર્થ—પરંતુ આમ તું મને તારી પોતાની સાધારણ આંખે જોઇ શકે તેમ નથી, માટે હું તને દિવ્ય ચક્ષુ આપું છું. (ભ. ગી. શ્લોક.).

વળી (બેત)-પાક કુન દુ=ચશ્મ=રા અજ મુંએ એબ,
તાબળીની બાગે સરવશ્તાને ગેબ. (મશનવી).
એટલે-તારી આંખોનો એબનો વાળ દુર કરી જશે, તો.
છુપાયેલો ગેબનો બગીચો જોઇ શકીશ;--

વળી ઘટપાટની ક્રીયાને "હિન્દુ ધર્મના આચારોની ભ્રષ્ટતા કરનાર કહીને;" તે નહી જાણનારા હિન્દુઓને ભડકાવનારી વિગતો રજુ કરવાનો પ્રપંચમાત્ર કર્યો છે. કારણ કે દરેક ધર્મમાં પવિત્રપણું જળવાઇ રહે, એવા નિયમોની ક્રિયાઓ મોજુદ છે. શંકરની પૂજા કરીને બ્રાહ્મણો ગળતીના જળનાં ટીપાં દરેક આશ્રિતકોને આપે છે; મંદિરોમાં દેવ દર્શન થયા પછી પ્રસાદિ વ્હેંચાય છે. એ મુજબની આ ઘટપાટની ક્રિયા છે. પરંતુ આર્યસમાજીઓને અરૂચિકર એટલા માટે હોવા જોઇએ કે, તેઓ અમારી પેઠે મુર્તિ-પુજાની વિરૂધ્ધ છે, પરંતુ તેની સાથે તેઓ સરળ અને સાચા નિયમોની વિરૂધ્ધતા દેખાડે છે; તેમ અમો નથી. અને તેથી તેઓ આર્યસમાજીઓ કોઇ જાતની ક્રિયા કરતા નથી. અને તેથી તેઓના વિચારો નીંદાયુકત હોય છે, અમો ઇસમાએલી મુર્તિ પુજા વિરૂધ્ધ હોવા છતાં શુધ્ધ આચારોની વિરૂધ્ધ જનારા નથી.

પંડિતજીની ઇતિહાસની વિગતો સાથે ઈતિહાસ્ય પણ જોડાયું છે, તેનો દાખલો પુરો પાડતા તે જણાવે છે કે- " પીર સદરદ્દીને હિન્દુઓને લલચાવવા માટે પોતાના ત્રણ નામો રાખ્યા હતા" પીર સદરદ્દીને સતગોર! સહદેવ! અને હરીચંદ્ર! આ બાબતમાં પંડિતજીએ ઇસ્માઇલી ઇતિહાસ સમજવામાં થાપ ખાધી છે. અને કાંતો દયાનંદને છાજતી ભડકાવનારી પદ્ધતિ ધારણ કરી છે. કારણ કે પીર સદરદ્દીને, જેવા જેવા ધારમિક બોધ કીધા, તે બાબાદની યાદગીરીની પીછાન તરીકે, એ ઇલ્કાબો તે વખતના ઇમામ હઝરત ઈસ્લામશા તરફથી મળેલા છે, એમ ઇસમાઇલી શાસ્ત્ર ઉપરથી નિર્ણય થાય છે. જેમ કે, સતગુરૂ સહદેવ (દેવોના દેવ) નો ઇલ્કાબ એ માહાપુરૂષે વેદાંતનો સાર ગ્રહણ કરી તેને ઇસ્લામના હકીકતી અને મારફતના દરજા ઉપર સમજાવવાનો માહાન અને ચમત્કારિક પ્રયાસ કીધો તે માટે બક્ષાયો છે. તથા બીજો ઇલ્કાબ 'હરિચંદ્ર (પરમાત્માનો પ્રકાશ)નો અર્થ સુચક ઇલ્કાબ તેમણે હિંદુ ધર્મના અઢાર પુરાણો તથા બીજા આખ્યાનો સાથે પરમાત્માના ધારણ કરેલા અવતારોમાં પરમાત્માની રોશની ને

ઇસ્લામના તેવીજ પદ્ધતિના દ્રષ્ટાંતો સાથે ભેળવીને જે મહાન ઐક્યતા સમજાવી છે કે, તેની પીછાન એ ઇલ્કાબથી સિદ્ધ થાય. પંડિતજી સારી રીતે જાણતા હોવા જોઇએ કે, ચાલુ બ્રિટિશ સરકારના અદલ ઇનસાફી જમાનામાં પણ, દર વરસે આપણા હિન્દી શહેરીઓની પીછાન એવાજ સુંદર ઇલ્કાબ વડે કરવામાં આવે છે; ત્યારે પીર સદરદ્દીન જેવા માહત્મા પુરૂષે જે આખી દુનીયાંની ધારમીક એકત્રતા સમજાવી છે, તેનેજ આપેલા એલકાબો માટે ન છાજતી ટીકા કરી ગવર્હરમેન્ટના તરફ વફાદાર રહેલી અને ચાલુ લડાઇના હુંગામમાં બાહેર પડેલી પીર સદરદ્દીનને માનનારી કોમોનું દીલ દુખાવનાર, પંડિતજી! ગવ્હરમેન્ટના કેવા ઇલ્કાબ પાત્ર છે? તે સમજુ વાંચનારાઓ સહેલાઇથી સમજી શકશે.

પંડિતજીના ત્યાર પછીના વ્યાખ્યાનમાં અમો વાંધો રજુ કરીએ તેવી બાબદ એ છે કે, "નામદાર આગાખાનને ખોજાઓ કમાણીનો દસમો ભાગ આપે છે, તે તેના માન-નારાઓનાં હિતમાં નહીં; પણ કેવળ મનસ્વી રીતે આગા-ખાન ખર્ચ કરે છે. એ બહુ દિલગિરી ભર્યું દેખાડે છે તે છે'

આ વિગત ઉપર ઉપરથી તો બહુ મજાની લાગેછે, અને પંડીતજીની દીલસોજી માટે બહુ બહુ લાગી આવેછે. પરંતુ દાઢમાં ઝેર ભરેલા સર્પના સુંવાળાપણા ઉપર દોરવાઈને સોડમાં જનારનું પરિણામ કેવું ગંભીર આવે! તે મુજબ દેખાયછે. આ બાબદમાં જેની વાંકુ લઇને પંડીતજી બોલે છે, તેના જરા પણ અભિપ્રાય જાણ્યો હોત; તો પોતે પોતાનું અજ્ઞાનપણું જાણતે. તે ઉપરાંત નામદાર આગાખાનસાહેબ કે જેણે પોતાના મુરીદો માટે હાૅસ્પીટાલો સ્કુલો, કન્યાશાળાઓ, લાયબ્રેરીઓ, વીગેરે જે જે જાતના સાધનોની બક્ષેશ કરીછે, તે કરતાં અમારા મુસલમાન ભાઇઓ માટે તથા હિન્દુઓ માટે જે જે જાતના યાદગાર પ્રયાસોથી પોતાના કીમતી વખતનો ભોગ આપીને અને કાળજી ભરેલી ઝહેમત વેઠીને જે પ્રયાસો કીધા છે, તે તરફ પંડીતજીની અદેખી આંખોથી જોવાયું નથી. તેને માટે અફસોસ છે?

"અલીગઢ કોલેજ" મુંબઇની "અનજુમને ઇસલામ" અને બીજા એવા પ્રખ્યાત જાહેર ખાતાઓ એ નામદારના ઉપકારીછે, જ્યારે મરહુમ "ગોખલે" જેવા એક

હિન્દુ ગ્રહસ્થની લાયકાત માટે "પુના" અને મુંબઇના "ટાઉન-હૉલમાં" જે તક નામદાર આગાખાન સાહેબે લીધી છે; અને હિન્દુ યુનિવરસીટી માટેની એ નામદારની નિસપ્રહી મદદ ત્રાન્સવાલના હીન્દીયોની હાડમારી દુર થવાની દિલ સોઝ કોશેષ અને ગોખલેના ફંડમાં આપેલી નાદર રકમ છતાં તેના ઉપરપણ શુષ્ક વિચારના પંડિતજીનેનામદાર આગાખાન સાહેબનું મનસ્વીપણું દેખાતું હોય, તો પછી તેના સરખા? સરખી દૃષ્ટીથી નહી જોઇ શકનારા પંડિત ગીતા અનુસાર પંડિતતાને પાત્ર હોય! એ અજબ જેવું છે. (पंडिता;समदर्शितः) (સરખી દૃષ્ટિથી જુવે તે પંડિત) પણ જો આર્ય સમાજીયો ગમે તેમ બકી મારનારાને પણ "પંડિતજી" કહેતા હોય, તો નવાઇ નહી. ધન્ય પંડિતજી! ધન્ય કુરાનના પંડિતજી! તમારા આચાર વિચારને માટે! ઉક્ત પંડિતજી? "નામદાર આગાખાનના "કર" દીવસે દીવસ વધી પડયાછે. ને ભકતોએ મોટી મોટી રકમોની ભેટ પેશાવરની મુલાકાત માં કીધી હતી" એમ કહીને શું મોટો વાઘ મારવા માગેછે. તે અમો સમજી શકતા નથી. એ દલીલો નાના બચાના બહાના જેવીછે. નામદાર આગાખાનના દીવસે દીવસે "કર" વધી

ગયાછે, તેની સાબીતીમાં *"ખુલ્લીચિઠ્ઠી" નો હવાલો આપી ભેટ મુકી હતી, એમ જણાવેછે. "કુર" અને "ભેટ" એની વ્યાખ્યા અથવા અર્થનું પણ પંડિતજીને અહીં ભાન રહ્યું લાગતું નથી.

છેવટે પંડિતજી પાપ માફ કરવાની "કુંગાની ક્રિયા" માટે ટીકા કરેછે અને કહેછે. તેના સંબંધમાં જણાવી શું કે, દરેક ધર્મમાં પોત પોતાનિ માન્યતા પ્રમાણે તેવી જુદી જુદી ક્રિયા કરવામાં આવેછે. તેમ ઇસમાઇલી ધર્મ એવી ક્રિયા વગરનો છે, તેમ તો અમો કહીશું નહી.

હિન્દુઓમાં પ્રાયશ્ચિત કરવાની ક્રિયા બ્રાહ્મણોને હાથે થાયછે. અને આર્યસમાજીઓમાં (જેને તેને હાથે) પણ શુદ્ધિની ક્રિયાં કરેછે.

---

* ખુલ્લી ચિઠી ( ઓપન ચીઠી ) નો સંગીન જવાબ અમારા તરફથી જે લગભગ તઇયાર થઇ ચૂકયો છે. તે આ જવાબના પુસ્તકની માફ્ક થોડા સમયમાં અમારી તરફથી બાહેર પડશે.

ખ્રિસ્તીઓ બેપટીઝમની ક્રિયા કરેછે. તેવી રીતે "કંગા"ની ક્રિયા એમ સુચવેછે કે, જેમ હિંદુ સંપ્રદાયોનાં ગુરૂઓ શિષ્યોને જેમ કંઠી બાંધે છે. અને હાથે રાખડી બાંધેછે; એવા "ગુરૂમંત્ર" આપવાની ક્રિયાનાં જેવીજ અર્થ સુચક આ 'કંગા'ની ક્રિયા માટે, ક્રિયાભ્રષ્ટ આર્યસમાજીઓને તેનું મહાત્મ ન સમજાય, અને નીંદાપાત્ર લાગે, તો તેમાં તેમના ગુરૂ દયાનંદનાં કંગાલ ગુરૂમંત્રનોજ પ્રતાપ છે.

છેવટે અમો અગાઉ બતાવી ગયા છીએ, તેવી રીતે આ ઇસમાઇલી ફીરકો "શરીયત" "તરીકત"થી આગળ વધી ઇસલામનાં "હકીકતી" દરજાનું શિક્ષણ આપે છે. અને તેમાં ઉંચા પ્રકારનું સુફીઝમ સમાએલું છે. જે દરેક મુસલમાનોને તેમજ સુજ્ઞ હીન્દુઓને જાણવાનો હક છે. એમ. સ્પષ્ટ કહીને આ અમારો સભ્ય જવાબ સુરતખાતે પધારેલા પંડિતજી રામચંદ્ર અને તેમની આર્યસમાજીયોને સભ્યતા સહીત સોંપતાં સંતોષ પકડીયે છીએ.

---

# આર્યસમાજીઓને માટે થોડીક ગરમાગરમ તપ્રડમચી.

(ભાટીયા બનાવટ ભાગઉજા માંથી ચુંટેલું-ચવચવ.)

કોંગ્રેસ હિન્દનો હિતકારી મેડલ હોય તો આર્યસમાજની અનીતી ઉપર પ્રથમ ખ્યાલ કરવો જોઇએ. ત્યારેજ હિન્દને હિત કરવાનું પ્રારંભ થયું કહેવાશે. કોંગ્રેસીઆઓ અથવા અન્ય સુધારાવાળાઓ તેઓ હિન્દના હિતકારી થવાનો દાવો કરનાર હોય તેણે ખ્યાલ કરવો જોઇએ કે આર્યસમાજ હિન્દ દેશની તમામ પ્રજાના દીલ દુખાય એવી ધર્મ વિરૂદ્ધ વાતો કરી પોતાનું અનિતીનું ગાડું આગળ ચલાવયા જાએ છે.

*            *            *            *

આર્યસમાજનો અવાજ આજ લગભગ છેલો (૨૫) પચીસ વર્ષથી છે. તે પહેલાં હિન્દુસ્થાનમાં ધર્મનાં ઝગડા

હતાજ નહી, આજે જે ડગલે ડગલે લાહ્બ્લો સંભળાય છે. ને નામદાર સરકારને સંતાપવામાં આવે છે. એ બધું અનર્થ આર્યસમાજનાં અવાજ પછી ઉત્પન્ન થયું છે. અને આજે જે ગાયમાતાનો અનાચાર થાય છે. અને ગણી હીંસા વીશેષ થતી જોવામાં આવે છે; તે બધી બાબત આર્યસમાજની ઉત્પતી પછી ઉત્પન્ન થઇ છે.

*　　　　*　　　　*　　　　*

આજે હાલ લગભગ ચાર વરસ થયાં મુંબઇ જેવા અલબેલા શહેરમાં કે જ્યાં, અસંખ્ય વૈષ્ણવો વગેરે છે. અને બ્રીટીશ રાજ્યનું નામીચું નગર છે. તેવા તવંગર શહેરમાં આર્યસમાજ તરફથી અનીતી ભરેલા બોલો બોલાય છે. આર્યસમાજ તરફથી ભાષણો અપાય છે જેમાં નીત્યાનંદજી જેવા નાટક્યા અસત્ય વાતો વદે છે. દાખલા તરીકે એક ભાષણ દરમીઆન નીત્યાનંદજીએ એમ કહેલું હતું જે હું એક વૈષ્ણવ મંદીરમાં ગયો અને પુજારી મને ઠાકોરજીની બેઠક પાસે તેડી ગયો અને તેણે પડદા ખોલી ઠાકોરજી સામું દાતણ કરવા લાગ્યો. બાદ હાથ મોઢું

ધોવા વગર બતાસા લઇ આવ્યો. તે ઠાકોરને પોતાનાં હાથે બતાવતો જાય અને ખાતો જાય એવી રીતના અસત્ય બોલો બોલી આર્યસમાજની અનિતીનો અખાડો ચાલે છે. ઊપલા દાખલા ઊપરથી વાંચક વર્ગ અનુમાન કરી શકશે. કે વૈષ્ણવ મંદિર તો ઠીક પરંતુ કોઇપણ જૈન વગેરે મંદિરોમાં એવી રીતનો અનાચાર નથી પરંતુ આવી વ્યવસ્થા જોઇ પશ્ચિમની પ્રજા શું ધારે છે તે ખ્યાલ કરવો ઘટે છે.

*   *   *   *

આર્યસમાજની અનિતી તે હીંદુસ્થાનનો હુરકતી કાંટો છે. આર્યસમાજની અનિતી ભરેલા અવાજને અટકાવવા સનાતનિઓ તેમાં ખાસ કરી શ્રી દ્વારકાના શ્રી શંકરાચાર્યજી ઊત્કંઠીત છે. તેમના વીશે તેઓનો જેટલો ઉપકાર મનાય તેટલો થોડો છે.

*   *   *   *

કેટલાક સુધારાવાલા તથા આર્યસમાજ આદિક બ્રીટીશ રાજ્ય નિતીને વગોવવા વાતો કરે છે; પરંતુ તેમની અનોખી

ચાલથી હિન્દી પ્રજાને ઊલટી હરકત થાય છે. પણ બ્રીટીશ રાજ્યને વગોવવું તે કુદરતના નિયમ તોડવા બરોબર છે, કેટલાક સુધારાવાલા તથા આર્યસમાજીઓમાં હીન્દની હકુમત ચલાવવામાં ભાગ લેવાની ખાસ ખાએશ રાખે છે. એવા સુધારાવાલા તરફથી અનેક અનુચીત વાતો થાય છે. પરંતુ એ બધો સુધારાવાલાનો શોર પુરણ પ્રતાપી બ્રીટીશ રાજ્યમા ચાલી શકે છે. પરંતુ એવા પ્રસંગમાં કોઇ રૂશ જેવા અદ્ભુત અમલદાર હોય તો સુધારાવાલાને પણ સારો સ્વાદ આપતે, કે તેનો પ્રત્યક્ષ પુરાવો હાલ પણ રૂશ રાજ્યમાં "દોમાસભા" ની માઠી વ્યવસ્થાથી જોવા મલી શકે છે.

નામદાર શહેનશાહા સાતમા એડવર્ડ સાહેબ હીન્દુસ્થાનનાં સંપુર્ણ શહેનશાહ હોવા છતાં પણ પોતાની કોઇ પણ પ્રજાનાં દીલ દુખાય નહીં એવી રૂઢી પસંદ કરે છે, જ્યારે અનીતી ચાલી આર્યસમાજ હીન્દ દેશની તમામ પ્રજાના દીલ દુખાય એવી વાતો કરે છે. અને પ્રજા સાથે રાજ્યને વગોવવાનાં કઠણ શબ્દો પોતાનાં ગ્રંથોમાં લખેલ છે એવી બીના બ્રીટીશ રાજ્યમાં બને તે જરૂર અપસોસ

કારક વાત છે, પરંતુ આર્યસમાજની અનીતીથી બ્રીટીશ રાજ્યનાં કારભારીઓ અજાણ્યા છે. ને તે અજાણ્યા થવાનું કારણ પણ આર્યસમાજની જુઠી જીભ છે. કારણ તેણે પોતાનું નામ હીંદુ ધર્મના હીતકારી "આર્ય" એવો નોંધાવેલ છે. તેથી કારભારીઓ તેને હીંદુ ધર્મની આગેવાન મંડળી કહીને સંતોશી જાય છે પરંતુ આર્યસમાજની અનીતીથી બ્રીટીશ અમલદારો જાણીતા થશે તો આર્યસમાજની ખબર લીધા વગર નહી. રહે ને પોતાની પ્યારી પ્રજા ઉપર થતો જુલમ જરૂર મટાડશે.

*　　　*　　　*　　　*

આર્યસમાજ એક હિન્દુઓ સાથે નહીં; હિન્દુસ્થાન સાથે નહીં; એશિયાખંડ સાથે નહીં; પુર્વ ગોળાર્ધ સાથે નહીં; પરંતુ અનુમાનથી કહી શકાય છે, જે દુનીયાની ૱૮ અબજની વસ્તી સાથે વિરૂદ્ધતા ધરાવે છે.

# આર્યસમાજીયોના ઉપદેશનો નમુનો.

[ ભાટીયા બનાવટ ભાગ ૩ જો પાનું ૫ મું. ]

[ છંદઃ—ચોબોલો. ]

દયાનંદને દાઝ થઈને, વીધવા વાતો ચાલી.
એકને અગીઆર કરાવે, ઘાંચી મોચી ગાલી.
શ્રોતા વકતાને મારા રામ રામ છે.

ગઊ રક્ષનાં ગીતો ગાએ; સત્ય ગ્રંથને સારે.
ત્રણુસેને ત્રણ પાના માંહી, બાજ ગાઉને મારે;—શ્રોતા૦

પ્રીતમ જો પરદેશ હોયને, પ્યારી પ્રીતમ માંગે.
અમુક મુદતમાં નહીં આવે તો કામચલાઊ જાગે;—શ્રોતા.

મુર્તી પુજા માને નહીં ને, હાગ મુશળ મનાવે.
ઉખલને અસ્ત્રો ઇત્યાદી, દેવી દેવ બનાવે;—શ્રોતા૦

ગરભવતીને ઘેન ચડે કહી, પ્રીતમ પ્યારો લાગે.
સમાજોનાં સત્ય ગ્રંથમાં, તે પણ સુતો જાગે;—શ્રોતા૦

લી૦ સેવક દેવજી ગોકળદાસ.
નલીઆ નીવાસી.

# અંજુમને ઝીયાઉલ ઇસલામનો મોટો મેળાવડો.

શનીવાર તા. ૧૪મી ફેબરવારીની સાંજના (સ્ટાં. ટા.) ૪) વાગે તારદેવ ઉપર આવેલી કપડવંજની વાડીમાં અંજુમનનો એક મોટો જલસો બોલાવવામાં આવ્યો છે.

પેહલી તથા આઠમી ફેબરવારીએ આર્ય સમાજ હોલમાં એક આર્ય પંડિત હીઝ હાઇનેસ સર આગાખાનને તેના ખોજા મુરીદોના મઝહબ ઉપર હુમલા કરતાં પાક પવીત્ર મઝહબે-ઇસલામ પર ટીકા કરતા હતા, ત્યારે અમોએ તેને જવાબ આપવા માંગ્યો પણ તેણે જવાબ માટે નાપાડી તે માટે આજના મેળાવડામાં મોલવી હકીમ સઇયદ મહમદ અબુ યુસુફ અરફહાની આ પવીત્ર પાક મઝહબે-ઇસલામની ખુબીઓ તથા આર્ય મઝહબની કીતાબોથી હવાલા સાથે સાબીત કરશું કે આર્ય મતથી આગાખાની મઝહબમાં ઘણી ખુબીઓ છે.

તમારો સેવક,—અબદુલ રઉફખાન સેક્રેટરી.
"અજુમને-ઝીયાઉલ-ઇસલામ" મુંબઇ.

☞ આ બુકનાં શરૂ પેજમાં અમોએ ઇશારો કરયા મુજબ ઉપરનું "અંજુમને ઝીયાઉલ ઇસ્લામ" તરફથી પ્રગટ કરવામાં આવેલ આખું હેંડબીલ વાચક વર્ગની જાણ માટે પ્રગટ કરતા–કહીશું કે આગાખાની મત અથવા ઇસ્માઇલી, પીરઠાનાં હકીકતી દરજાનાં પક્ષમાં રહી ધુર્ત આર્યસમાજી "રાધા કૃષ્ણ" અને પંડિત રામચંદ્ર જેવા ઇસ્લામના વિરોધીયોને પોતાની ફરજની ઇછવાજોગ જાહેર હીંમત વાપરતાં પોતાનું ઉંચું જોહર ઝલકાવ્યું છે. અને તેવી દરેક કોશેશોમાં જે જાતની ઉલટ વાપરતા રહે છે. તે ખરેખર પ્રશંશા પાત્ર છે. અને મી. અબદુલ રઉફખાન જેવા બાહોશ અને પુખ્ત અનુભવી સેક્રેટરીનાં સાથે જોડીયા સેક્રેટરી મી. હમીદ અહમદખાન જેવા ઝળકતા અને જાણીતા ગૃહસ્થની ઓળખ મગરૂરી સાથે આપતાં કહી શું કે તેઓ "બાલકન વોરમાં" હીન્દથી ગયેલા "રેડક્રોસ મેડીકલ મિશનના" એક સભાસદ હતા તેઓની આ અંજુમનની તારીફ લાયક સેવાઓ ઇતિહાસમાં નોંધાઇ રહેશે.

---

# હકીકતી-હાર્ટ.

અથવા

# સંતપંથનો શણગાર.

---

બયેત-હાફિઝ ગરચહ બાશી ઝુહ્દ ફુન બા ખાસો આમ
બામુસલમાં અલ્લા અલ્લાહ-બા બિરહ્મન રામ! રામ
("હાફિઝ")

,, સુરત મન આહનાબમ, મહબુબે દસ્ત!
તુર્કી હિંદુ દરમનઆં ચીનહ કે હસ્ત,
("રૂમી")

,, રામ-રહેમાન દોનુ એક ગુસાઇ, મુરખ મરમ ન જાણે
"શબ્દ"

" રામ રામ કહેનેસે, ઝાહીદ ખફા ન હો,
" કહીં ઇસીમેં નૂરે, મહમદ છિપા ન હો !

"N"

" તેરે દર નકશ પાકા, રેહ ગુજરમેં સિઝદેગા સાગ્મે
જહાં તુને કદમ રખ્ખા, વહાં હમનેભી સર રખ્ખા

"અમીર"

" હિંદુકુ કર રામ રામ, ઔર શેખ સાહેબકુ સલામ
હુસ્ન ખીંચી હયે હરેક તસ્વીર અપને હાથસે,

"A"

ખુદા સબમેં હયે, ઔર સબસે જુદા હયે,
ખુદા ઝર્રે ઝર્રે મે જલવા નુમા હયે,
ઉઠા દીજીયે આંખોસે પરદા ખુદીકા !
(ફીર) જીધર દેખીયે ખુદાહી ખુદા હયે,

* * * * "J"

ગંગા બિનારસ, સતજન ગોદાવરી–રામ ભજન રાખ કેસ
અલીયદો રૂપ રાચના–જૈસી કરની ફલ વૈસા

"પીર સદરદીન"